શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૩ અંક : ૩
માર્ચ : ૨૦૨૧



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે નૂતન પ્રાર્થના ભવનના શિલાન્યાસ પ્રસંગે ઉપસ્થિત સંતો

શિવરાત્રી પર્વે શિવજીનું પૂજન કરતા પૂજ્ય પુરાણી સ્વામી તથા સંતો

પૂજ્ય સ્વામીજી સાથે યુનિવર્સિટીમાં સફળતા મેળવનારા સંતો-ઋષિકુમારો

SGVP શ્રી ઘનશ્યામ મહારાજ તથા દ્રોણેશ્વર ખાતે હનુમાનજી મહારાજને ધરાવવામાં આવેલ દ્રાક્ષના ફલફૂટનાં દર્શન

Admissions Open

Salient Features

- Digital Smart Wi-Fi Class Room
- Digital ERP School System
- 25 Acres Of Lush Green Campus
- Indian Values & Vedic Teaching
- High Academic Behavioral Standards
- AC Room In Hostel With LED TV
- Horse Riding, Swimming Pool, Amusement Park etc.
- Multimedia Based Contemporary Educational Equipments

Key Features

Affiliated board: CBSE
Grades available: KG to 12th
Medium: English

STUDY
SPORTS
SPIRITUALITY

SGVP INTERNATIONAL SCHOOL
RIBDA - RAJKOT

Rajkot-Gondal Highway, Opp. Atul Auto,
Ribda-Rajkot.
+91 93772 12341 +91 97279 49495

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૩, માર્ચ : ૨૦૨૧, અંક : ૦૩

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક	: રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

ઠુમક ચલત રામચંદ્ર...

ઠુમક ચલત રામચંદ્ર,
બાજત પૈંજનિયાં
કિલકિલાત ઊઠત ધાય
પરત ભૂમિ લટપટાય
ધાય માત ગોદ લેત
દશરથ કી રનિયાં...ઠુમક
વિદ્રુમ સો અરુણ અધર
બોલત પ્રિય વચન મધુર
નાસિકા અતિ સુભગ
બિચલટકત લટકનિયાં...ઠુમક
મેવા મોદક રસાલ
મન ભાવે સો લેહુ લાલ
ઔર લેહુ રુચિર પાન
કંચન ઝુનઝુનિયાં...ઠુમક
તુલસીદાસ અતિ આનંદ
દૈખી કે મુખારવિંદ
રઘુવીર છબી કે સમાન
રઘુવર મુખ બનિયાં...ઠુમક

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ

- સ્વામી માધવપ્રિયદાસ

વિશ્વમાં કેટલાક ધર્મો એવા છે કે જેઓ પરમાત્મામાં માને છે પરંતુ પરમાત્માના અવતારોને સ્વીકારતા નથી. સનાધન ધર્મ આવો સંકુચિત કે બંધિયાર નથી. સનાતન હિન્દુ ધર્મ ગંગા નદીના પ્રવાહ જેવો અવિરત વહેતો ધર્મ છે. અહીં યુગે યુગે પરમાત્માના અવતરણ થતાં જ રહે છે અને ધર્મના નીરને નિર્મળ રાખે છે.

ગુલામીકાળથી માંડીને આજ સુધી સામ્યવાદી કે અંગ્રેજોના વારસાને વરેલા કેટલાક કહેવાતા બૌદ્ધિકો તો ભગવાનનું અસ્તિત્વ પણ સ્વીકારવા તૈયાર નથી. કેટલાક બૌદ્ધિકો ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણને મહામાનવ અથવા તો યુગ પ્રવર્તક તરીકે સ્વીકારે છે, પરંતુ 'એ પરમાત્માનો અવતાર છે' એવું સ્વીકારી શકતા નથી.

વેદોના પરમ મર્મજ્ઞ ભગવાન શ્રીવેદવ્યાસ, ભગવાન શ્રી કૃષ્ણ, વાલ્મિકી, તુલસીદાસ, અનેક મહાન આચાર્યો તેમજ યુગપ્રવર્તક સંન્યાસી સ્વામી શ્રીવિવેકાનંદજી વગેરેએ એક અવાજે અવતારતત્ત્વનો સ્વીકાર કર્યો છે. અન્ય કોઈપણ બુદ્ધિમાન મહાનુભાવો કરતા આ મહાપુરુષોની પ્રામાણિકતા વિશેષ આદર અને શ્રદ્ધાપાત્ર છે.

અવતારો પ્રગટે છે ત્યારે એમનું લોકોત્તર ઐશ્વર્ય અને સામર્થ્ય એમના ભગવાનપણાની ગવાહી પૂરે છે. શાસ્ત્રોની આગાહીઓ એમનાં આગમનની ઉદ્‌ઘોષણા કરે છે. શાસ્ત્રોના મર્મજ્ઞ મહાપુરુષો એમની ગાથાઓ ગાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મૂળ નામ ઉદ્ધવ સંપ્રદાય છે. ભગવાન શ્રીસ્વામિનારાયણના ગુરુ રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર ગણાય છે. તેમણે આ સંપ્રદાયની સ્થાપના કરી છે. સમય જતાં ભગવાન શ્રીસ્વામિનારાયણના અસાધારણ પ્રભાવને લીધે આ સંપ્રદાય 'શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય' તરીકે પ્રસિદ્ધ છે.

સંપ્રદાયના લાખો નરનારીઓની દૃઢ અનુભૂતિ છે કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ માત્ર સમાજસુધારક, ભક્ત કે સદ્‌ગુરુ નથી, પરંતુ 'વેદો અને સત્શાસ્ત્રો જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે, એ જ ભગવાન પૃથ્વી ઉપર ભગવાન શ્રીસ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે.'

ભગવાન શ્રીસ્વામિનારાયણની હયાતીમાં જ લાખો નર-નારીઓ એમને પોતાના ઈષ્ટદેવ માનીને ઉપાસના કરતાં હતાં અને આજે પણ કરે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રત્યે આ લાખો નર-નારીઓની શ્રદ્ધા અકારણ નથી. આ શ્રદ્ધાને પુષ્ટ કરનારાં અનેક કારણો છે.

એક તો હજારો વર્ષ પહેલા શાસ્ત્રોએ ભવિષ્યવાણી દ્વારા ઘોષણા કરી છે, 'પરબ્રહ્મ પરમાત્મા સ્વયં ભગવાન

શ્રીસ્વામિનારાયણ રૂપે અવતાર ધારણ કરશે.'

સ્કંદપુરાણમાં વાસુદેવ મહાત્મ્યના અધ્યાય અઢારમાં ભગવાન વાસુદેવનારાયણ બ્રહ્માજી પ્રત્યે કહે છે કે, "હે બ્રહ્મન! અર્જુન સાથે કૃષ્ણ રૂપે મારા વડે હણાયેલા અસુરો જ્યારે પૃથ્વીમાં અધર્મ પ્રવર્તાવશે ત્યારે...

धर्मदेवात् तदा भक्तावहं नारायणो मुनिः ।
जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः ॥ (વાસ.-૨૮-૪૩)

"હું પૃથ્વી ઉપર કોશલ દેશમાં, સામવેદી વિપ્રકુળમાં, ભક્તિદેવી અને ધર્મદેવ થકી નારાયણમુનિ રૂપે અવતાર ધારણ કરીશ."

બીજું કારણ, સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે ભગવાન શ્રીસ્વામિનારાયણના શરીરનાં અસાધારણ દિવ્ય ચિન્હો સાક્ષી પૂરે છે કે, 'ભગવાન શ્રીસ્વામિનારાયણ સાધારણ માનવ નથી, પરંતુ ભગવાન છે.'

ભગવાન શ્રીસ્વામિનારાયણનો શ્રીવિગ્રહ અન્ય મનુષ્યોના શરીરથી અનોખો અને અલૌકિક હતો. એમનાં ચરણોમાં રહેલાં સોળ ચિન્હો એમનાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણપણાનાં દર્શન કરાવતાં હતાં.

ભગવાન શ્રીસ્વામિનારાયણના સમકાલીન નંદ સંતોએ પોતાનાં કાવ્ય તથા ગ્રંથોમાં આ ચિન્હોનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે. આજે પણ હજારો ઘરોમાં આ સોળ ચિન્હ સાથેનાં ચરણારવિંદની પૂજા થાય છે તથા ધ્યાન થાય છે. ભગવાન સિવાય સાધારણ માનવના ચરણમાં આવાં ચિન્હો સંભવે નહીં.

ત્રીજું કારણ, એમણે મોટા પાયે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણ હતું. ભગવાન શ્રીસ્વામિનારાયણનાં દર્શન કરતાંની સાથે લાખો હરિભક્તો, સંતો-પાર્ષદોનાં ચિત્ત આકર્ષાઈ જતાં હતાં. શ્રીહરિની દિવ્ય-મંગળકારી મનુષ્ય મૂર્તિના દર્શનમાત્રથી વગર અષ્ટાંગયોગ સાધ્યે હજારો નરનારીઓને સમાધિઓ થઈ જતી હતી.

કોઈ મહાપુરુષ અતિ સમર્થ હોય તો પણ એકાદ-બે શિષ્યોને સમાધિ કે સાક્ષાત્કાર કરાવી શકે છે, જ્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણે હજારો લોકોને સમાધિઓ કરાવી હતી અને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં હતાં, એટલું જ નહિ એમણે કેટલાક સંતો-ભક્તોને સમાધિ કરાવવાનું ઐશ્વર્ય પણ આપ્યું હતું.

ચોથું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણનો વિશાળ પરમહંસ સમુદાય છે. આ સંતો સાધારણ ન હતા, આ સંતોમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન મહાયોગીરાજો હતા. વ્યાપકાનંદ સ્વામી, સંતદાસજી, અદ્વૈતાનંદ સ્વામી(દેવીવાળા મગ્નિરામ) જેવા મહાન સિદ્ધ હતા. નિત્યાનંદ સ્વામી જેવા દિગ્ગજ વિદ્વાનો હતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી જેવા મહાન કવિઓ હતા.

સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી ભરતપુરના રાજા હતા. આ બધા સંતો ગામ-ગરાસ છોડીને ભગવાન શ્રીસ્વામિનારાયણની પાછળ ભેખ લઈ ભમતા હતા.

વિશેષ મહત્ત્વની વાત એ છે કે, આ સંતોનાં જીવન પંચ વર્તમાનથી પૂર્ણ હતાં. તેઓ સાધુતાની સાક્ષાત્ મૂર્તિ હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ માટે જીવન અર્પણ કર્યાં હોય એવા આશરે બે હજાર સંતો હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણે આમાંથી પાંચસો પરમહંસોને કાલવાણીમાં એક જ દિવસે પારમહંસી દીક્ષા આપી હતી. સત્સંગમાં તેઓ 'પાંચસો પરમહંસ' તરીકે પ્રસિદ્ધ છે.

આ સમયે ભગવાન શ્રીસ્વામિનારાયણ 'નીલકંઠ વર્ણી' નામે પ્રસિદ્ધ હતા. એમની ઉંમર માત્ર છવ્વીસ વર્ષ હતી. આવા નવયુવાન નીલકંઠ બ્રહ્મચારી ઉપર આવા સમર્થ મહાપુરુષો ઓળઘોળ થઈ જાય એ ચમત્કાર નથી તો શું છે?

આ યુવાન ઉંમરના ભગવાન શ્રીસ્વામિનારાયણના એક જ પત્રે અઢાર-અઢાર જાગીરદારો-ગરાસદારો, સમાજના આગેવાનો સંસાર છોડી સાધુ થવા નીકળી ગયા હતા.

સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામી જેવા મીંઢોળબંધા યુવાન તો લગ્નને માંડવેથી પરણવાનું પડતું મેલીને સાધુ થઈ ગયા હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણમાં એવું તે શું કામણ હતું કે આવા સુખી-સંપન્ન લોકો એમનાં એક વચને ઘરબાર છોડી સાધુ થઈ જાય!

ત્યાગ-વૈરાગ્યના ઉપદેશ દેવા સહેલા છે, સંસારની માયાજાળ છોડવી મહામુશ્કેલ છે!

ભગવાન શ્રીસ્વામિનારાયણના સાધુ થવું એ હાલતાં ભગવાં કપડાં પહેરી લેવાં જેવી સરળ વાત ન હતી. ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના સંતોને આકરી કસોટીઓથી તાવતા હતા.

ક્યારેક કાચા લોટના ગોળા જ ખાવાનો આદેશ કરતા, ક્યારેક કંતાન પહેરવાનો આદેશ કરતા, ક્યારેક શેરડી ને દૂધમાંથી થાય તે ન ખાવાનો આદેશ કરતા, ક્યારેક કડકડતી ઠંડીમાં ખુલ્લામાં સૂઈને રાત્રિઓ

વિતાવવાનો આદેશ કરતા.

વિરોધીઓનાં માન-અપમાન સહન કરવાં અને એનું ભલું થાય એવું જ ચિંતન કરવું- આ આદેશ તો કાયમી હતો.

આ સંતો પણ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચને ટૂક ટૂક થઈ જતા હતા અને તમામ કસોટીઓને હસતે મુખે પાર કરતા હતા. આ બધા મહાન સંતો સમર્થ હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દાસભાવે ઉપાસના કરતા હતા.

એ જ દર્શાવે છે કે, ભગવાન શ્રીસ્વામિનારાયણ અસાધારણ ઐશ્વર્યથી યુક્ત હતા.

પાંચમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો ચોર-લૂંટારાઓના હૃદયપરિવર્તન થયાં હતાં. જે હાથમાં તીર-કામઠાં, તલવારો અને ભાલા રમતા હતા, એ જ હાથમાં માળાઓ ફરવા લાગી હતી.

છઠ્ઠું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો મુમુક્ષુઓએ પોતાના અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવ્યો હતો.

સાતમું કારણ, જગતમાં જીવનમુક્તા મળવા દુર્લભ છે જ્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેકને છતે દેહે બ્રહ્મરૂપ કર્યા હતા.

આઠમું કારણ, સામાન્ય રીતે "અનેક જન્મની સાધના પછી સાધક સિદ્ધ દશાને પામે છે.(ગીતા-૬-૪૫)" આશ્ચર્યની વાત એ છે કે, ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો ભક્તો આ ને આ દેહે સિદ્ધદશાને પામ્યા હતા અને પરમ ઐશ્વર્યશાળી થયા હતા.

નવમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂર્તિના ધ્યાન-ભજન, સ્મરણના પ્રભાવથી અનેક સંતો-ભક્તોના મન વાદળાં વિનાના આકાશ જેવા નિર્વિકાર અને નિર્મળ થયાં હતાં અને તેઓને સ્હેજે સ્હેજે નિરાવરણ સ્થિતિ અને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

નિરાવરણ સ્થિતિનો અર્થ છે- જેને માયાના પૃથ્વી વગેરે આઠ આવરણો અવરોધ કરી ન શકે.

અમદાવાદના મુસ્લિમ ભક્ત ડોસા તાઈ વગેરે અનેક ભક્તોના ઉદાહરણો સત્સંગમાં પ્રસિદ્ધ છે.

નિરાવરણ દૃષ્ટિનો અર્થ છે- 'દૂરદર્શન સિદ્ધિ.' ભગવાન શ્રીસ્વામિનારાયણની કૃપાથી ગઢપુરનાં જીવુબા, કરિયાણાનાં મીણબાઈ, ધોલેરાનાં કૂલીબા, ભાદરાના મૂળજી શર્મા, અંજારના અચ્યુતદાસ સ્વામી વગેરે અનેક ભક્તોને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ દૂર દેશમાં વિચરણ કરતા હોય છતાં આ ભક્તોને તેઓ જ્યાં બેઠા હોય ત્યાં એમનાં દર્શન થતાં હતાં.

દસમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણ તો ઠીક પણ તેમના આ પરમહંસોના સંપર્કમાં આવનાર મુમુક્ષુઓનાં મન પણ શાંત સરોવર જેવાં બની જતાં હતાં.

અગિયારમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણે ભક્તોને આપેલાં અલૌકિક વરદાન છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે ગાદીએ બેઠા ત્યારે એમણે સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગ્યાં હતાં.

એક, 'ભગવાનના ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો મને કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ ભક્તને તે ન થાઓ. ભક્તનું શૂળીનું દુઃખ કાંટે મટો.'

આ વરદાનમાં ભગવાન શ્રીસ્વામિનારાયણની આશ્રિતો પ્રત્યે અપરંપાર કરૂણા છે.

એમણે બીજું વરદાન એ માંગ્યું હતું કે, 'સત્સંગીના પ્રારબ્ધમાં રામપાતર લખ્યું હોય તે રામપાતર મને આવે પણ સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.'

આ વરદાનથી ભગવાન શ્રીસ્વામિનારાયણે સત્સંગીઓને જીવનજરૂરિયાતની પાયાની વસ્તુઓ માટે નિશ્ચિંત કર્યા છે.

અહીં મહત્ત્વની વાત પ્રારબ્ધને ફેરવવાની છે. માણસ બધું ફેરવી શકે છે, પરંતુ વિધાતાના લેખ ફેરવી શકતો નથી. કોઈ સમર્થ સંત હોય તો બે-ચાર વ્યક્તિના પ્રારબ્ધ ફેરવે; પરંતુ લાખો લોકોનાં પ્રારબ્ધ ફેરવી નાંખવાનું સામર્થ્ય પરમાત્મા સિવાય બીજા કોનું હોય?

ત્રીજું વરદાન ભગવાન શ્રીસ્વામિનારાયણે આશ્રિતોને આપ્યું છે કે, 'આશ્રિતોના દેહાવસાન સમયે તેઓ સ્વયં પોતાના ભક્તને અક્ષરધામમાં તેડી જશે.'

આ વરદાનની નોંધ લેતાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે,

મારા જનને અંતકાળે જરૂર મારે આવવું;
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.

ભગવાન શ્રીસ્વામિનારાયણ આજે પણ પોતાના ભક્તને અંત સમયે દર્શન આપી ધામમાં તેડી જતા હોય એવી દિવ્ય ઘટનાઓ બનતી જ રહે છે.

આવાં અનેક કારણોને લીધે સિદ્ધ થાય છે કે ભગવાન શ્રીસ્વામિનારાયણ માત્ર સમાજસુધારક, ધર્મપ્રવર્તક, સંત કે મહાપુરુષ નથી, પરંતુ સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. ■



જાકે પ્રિય ન રામ બૈદેહી

- પાર્ષદ શામજીભગત

SGVPના એક જિજ્ઞાસુ વાલીએ પ્રશ્ન કર્યો કે, આપણી સંસ્થામાં વિદ્યાર્થીઓના સર્વાંગી જીવનઘડતરમાં વિઝન તરીકે 3 pillers-સ્તંભ નક્કી કરેલા છે, જેમાં Study, Sprots અને Spiritualityનો સમાવેશ છે. આ ત્રણેય સ્તંભમાં sprotsના મેદાનો અને એક્ટિવિટી તો સંસ્થામાં ખૂબ જ થઈ રહી છે, તે દેખાય છે. એ જ રીતે studyનો કાર્યક્રમ પણ નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ સરસ રીતે પ્રગતિ કરી રહ્યો છે તે પણ અનુભવાય છે; પરંતુ આ spirituality એટલે શું ? અને એ Spiritualityનો સ્તંભ ક્યાં દેખાય છે ? એ મારે જાણવું છે.

પ્રશ્ન ખૂબ જ પાયાનો છે. એ પેરેન્ટસ્‌ની જિજ્ઞાસાને ધન્યવાદ આપવા ઘટે અને ઉત્તરમાં એમ કહી શકાય કે **Spirituality** એટલે અધ્યાત્મ- એ સ્થૂળ નજરે દેખાતી વસ્તુ નથી. સ્પિરિચ્યુઆલિટીનો અર્થ સમજવા માટે આધ્યાત્મિક પુરુષનો પ્રસંગ પાડવો પડે, જેને આપણી સત્સંગની પરિભાષામાં સંત-સમાગમ કહેવામાં આવે છે.

મહાભારતમાં મહારાજા યુધિષ્ઠિર અને યક્ષના સંવાદમાં જણાવ્યું છે.

યક્ષ પ્રશ્ન પૂછે છે કે, 'કો માર્ગઃ ?' સાચો માર્ગ કયો છે?

યુધિષ્ઠિર મહારાજ તેનો ઉત્તર આપતાં જણાવે છે કે,

'તર્કો પ્રતિષ્ઠઃ શ્રુતિયો વિભિન્ના,
નૈકો મુનિર્યસ્ય મતં પ્રમાણમ્ ।
ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયાં
મહાજનો યેન ગતં સ પન્થાઃ ॥'

અનેક સિદ્ધાંતોથી શાસ્ત્રો ભરેલા છે, ઋષિમુનિઓ અને આચાર્યો પણ વિવિધ પ્રમાણોની વાતો કરે છે, પરંતુ ધર્મનું તત્ત્વ એવી ગહન ગુફામાં સમાયેલું છે કે જેની કોઈને ભાળ મળતી નથી. તેથી મહાપુરુષો જે માર્ગે ચાલે છે તે જ માર્ગ સાચો છે.

અધ્યાત્મ એટલે આત્મા અને પરમાત્મા પ્રત્યે લઈ જતી વિવિધ વિચારધારાઓ. તેથી કોઈ એક ધર્મ કે કોઈ એક પરંપરાને અધ્યાત્મનું નામ આપ્યા વિના દરેક પરંપરા કે દરેક ધર્મ-સંપ્રદાયનું મુખ્ય લક્ષ્ય એ આત્મ-સાક્ષાત્કાર અને પરમાત્માનો સાક્ષાત્કાર હોય છે. તેથી જ કહેવાયું કે, 'એકમ્ સત્ વિપ્રાઃ બહુધા વદન્તિ.'

એક જ સત્ પરમાત્માને પામવાના પ્રયાસમાં અધ્યાત્મ છુપાયેલું છે. વિવિધ દેશ, કાળ અને સંજ્ઞાના સંદર્ભમાં અધ્યાત્મ તત્ત્વ સીધી રીતે નજરમાં આવતું નથી. પરંતુ જેવા સત્પુરુષનું સેવન કરે, જેવાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે, જે પોતાના સ્વને એટલે કે પોતાની જાતને એટલે કે આત્માને ઓળખવાની સાધના કરે અને પરમાત્માની ઉપાસના કરે છે, તેને અધ્યાત્મનો માર્ગ ધીમેધીમે અનુભવમાં આવે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણની પરંપરામાં આ અધ્યાત્મનો ઉજાસ વચનામૃતમાં પ્રગટ થાય છે. ગઢડા મધ્ય પ્રકરણના પઠમા વચનામૃતમાં શ્રીજી મહારાજ જણાવે છે કે, "ભગવાનમાં પ્રીતિ કરવી તે એક સત્તારૂપે રહીને જ કરવી."

આ એક જ વચનમાં અધ્યાત્મનો અર્ક શ્રીજી પીરસી રહ્યા છે. આત્મા સ્વરૂપ અને સ્વભાવે સ્વતંત્ર તત્વ છે, પરંતુ દેહ અને આ જગતના વ્યવહારોમાં ભળી જઈને પોતાની જાતને ભૂલી ગયો છે. તેથી તેને અજ્ઞાનરૂપી અંધારું ઘેરી વળ્યું છે, જેને આવરણ કહેવાય છે. એ આવરણને લીધે આત્મા પોતાના પ્રકાશને ઓળખી શકતો નથી અને તેથી જ ભગવાનને પણ તે સમજી શકતો નથી. જો જ્ઞાન અને વૈરાગ્યે કરીને જગતનો અંતરમાંથી સર્વ રીતે નિષેધ કરી નાખે, તો તેને પોતાના આત્માને વિષે કોઈ આવરણ રહેતું નથી.

આ આત્મા-પરમાત્માના સ્વરૂપને પામવાનો પ્રયાસ મનુષ્યને ઘણો અઘરો લાગે છે, તેથી અધ્યાત્મમાર્ગ સ્પર્શ વિનાનો રહી જાય છે.

જેને આત્માના પ્રદેશની જિજ્ઞાસા થાય અને પરમાત્માની પ્રાપ્તિની ઝંખના જાગે તેના માટે અધ્યાત્મનો માર્ગ ખુલ્લો થાય છે. તેથી આ વચનામૃતમાં શ્રીજી મહારાજ તુલસીદાસજી મહારાજનાં ત્રણ પદોનું ગાન કરાવે છે અને એ ત્રણ પદ ગવડાવીને શ્રીજી સ્વયં જણાવે

છે કે, "જેવી રીતે આ પદમાં કહ્યું છે તેવી રીતે આપણે રહેવું છે." અર્થાત તુલસીદાસજી મહારાજનાં આ ત્રણેય પદોમાં પણ અધ્યાત્મમાર્ગનો નિર્દેશ થયેલો છે.

વિનયપત્રિકા નામનાં એક સ્તોત્ર-પદ સંગ્રહમાં તુલસીદાસજી મહારાજે શરણાગતિભર્યા ભક્તિભાવ સાથે ભગવાન શ્રીરામચંદ્રજીની અનેક રીતે પ્રાર્થનાઓ કરી છે. તેમજ અન્ય દેવી દેવતાઓની પણ વિનમ્રભાવે સ્તુતિ કરેલી છે. જેમાંથી આ એક પદ ખૂબ જ મહત્વનું છે.

જા કે પ્રિય ન રામ બૈદહી
સોં છાંડિયે કોટિ બૈરી સમ, જદ્યપિ પરમ સનેહ...
તજ્યો પિતા પ્રહ્લાદ બિભીષન બંધુ ભરત મહતાર।
બલિ ગુરુ તજ્યો કંત વ્રજ બનિતનિ
ભયે મુદમંગલકારી...
નાતે નેહ રામ કે મનિયત, સુહૃદ સુસેવ્ય જહાં લૌ।
અંજન નેહ આંખિ જેહી ફૂટૈ, બહુતક કહૌ કહાં લૌ...
તુલસી સો સબ ભાંતિ પરમ હિત, પૂજ્ય પ્રાનતે પ્યારો।
જાસોં હોય સનેહ રામ પદ, એ તો મતો હમારો...

જેને ભગવાનની ઓળખ થાય છે, તેને ભગવાનની લગની લાગે છે. પછી તેને ભગવાન સિવાય કોઈ વસ્તુ-પદાર્થ કે વ્યક્તિમાં પ્રેમ રહેતો નથી. જે પ્રેમ-આસક્તિથી જીવ જગતમાં બંધાયેલો છે એ જ પ્રેમ, એ જ આસક્તિ જો એને પરમાત્મામાં થાય તો પછી તેને અધ્યાત્મનો ખરો અનુભવ થઈ જાય છે.

ભાગવતનાં પ્રસિદ્ધ દૃષ્ટાંતો આપણે જાણીએ છીએ કે, પિતા-પુત્રનો સંબંધ તો ખૂબ જ સ્નેહનો હોય છે. તો પણ પ્રહ્લાદે ભગવાન વિરોધી પિતાનો ત્યાગ કર્યો. એ જ રીતે ભાઈ-ભાઈનો સંબંધ ખૂબ ગાઢ હોય છે. તો પણ વિભીષણે રામ વિરોધી રાવણનો ત્યાગ કર્યો. માતા અને પુત્રનો સંબંધ તો પ્રેમની પરાકાષ્ઠા કહેવાય. તો પણ ભરતજીએ માતા કૈકઈનો ત્યાગ કર્યો. ગુરુ અને શિષ્યનો સંબંધ પણ જો ભગવાનના માર્ગમાં આડસ ઊભી કરે તો તેનો ત્યાગ કરવો જોઈએ, એ વાત મહારાજ બલીએ પોતાના ગુરુ શુક્રાચાર્યના ત્યાગ દ્વારા આપણને સમજાવી. અને સૌથી મહત્વનો સંબંધ પતિ-પત્નીનો સંબંધ કહેવાય છે. તેમાં પણ વ્રજની ગોપીઓએ એવું દૃષ્ટાંત ઊભું કર્યું. 'નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે...' અને વ્રજવનિતાઓએ પોતાના પતિઓનો પણ ત્યાગ કર્યો..

અહીં આપણને એમ લાગે કે શું માત્ર ત્યાગ કરવાથી અધ્યાત્મ પ્રગટ થઈ જાય છે. ના, એવી વાત નથી. ત્યાગ, વૈરાગ્ય, તપ, નિયમ વગેરે સાધનો ભગવાનના માર્ગે આગળ લઈ જવા માટે ઉપકારક છે. તેથી તુલસીદાસજી મહારાજ આ પદ દ્વારા અધ્યાત્મના આરાધકો માટે એવો નિર્દેશ કરે છે કે, એક ભગવાનમાં જ પરમ પ્રીતિ રાખવી. અન્ય કોઈ સાથે એવી પ્રીતિ નહીં, કે જેવી ભગવાનમાં હોય.

જેને ભગવાન સાથે હેત-પ્રીત કે સંબંધ ન હોય તેને તો દુશ્મન જ સમજવા જોઈએ. એ પછી ભલે પોતાના પ્રાણપ્યારા સગાં-સંબંધી હોય કે મિત્ર હોય કે ગુરુ હોય, તેનો પણ ત્યાગ કરવો જોઈએ. તુલસીદાસજી મહારાજની દૃષ્ટિએ ભગવાનનો માર્ગ એ પરમ પ્રેમનો માર્ગ છે, શરણાગતિનો માર્ગ છે, પ્રપત્તિનો-ભક્તિનો માર્ગ છે. તેથી જેને અધ્યાત્મના માર્ગે કંઈક આગળ વધવું હોય તેણે પોતાના આત્માને ઓળખીને એકમાત્ર ભગવાનનાં સ્વરૂપમાં જ પ્રેમ કરતા શીખવું જોઈએ. આ અધ્યાત્મનો મુખ્ય સ્તંભ છે.

વિદ્યા અનેક પ્રકારની છે, પરંતુ સર્વશ્રેષ્ઠ વિદ્યા અધ્યાત્મવિદ્યા છે. આ અધ્યાત્મવિદ્યા એ ભગવાનની સાક્ષાત્ વિભૂતિ છે. આ વિદ્યાને પામવા માટે આપણે ભ્રમણાઓ ટાળવી પડે, પોતાની જાતને ઓળખવી પડે, સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો પડે, ભગવાનને ધારી રહેલા સત્પુરુષોનો સમાગમ કરવો પડે અને પરમાત્માનાં સ્વરૂપની નિત્ય-નિરંતર ઉપાસના કરવી પડે.

આત્માની ઓળખ, પરમાત્માની ઉપાસના, સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય અને સત્પુરુષોનો પ્રસંગ એ જ્યારે અત્યંત પ્રિય અને આરાધના બની જાય એટલે અધ્યાત્મના સ્તંભનાં આપણને પોતાને પોતાની અંદર જ દર્શન થાય છે. ■

ગુરુકુલ દર્શન માસિક અંગેની વિગતો

ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન રુલ ૧૯૫૬ અન્વયે જાહેરનામું

પ્રકાશન સ્થળ:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

પ્રકાશન સમય:- દર માસની ૨૫ તારીખે

મુદ્રકનું નામ:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

પ્રકાશકનું નામ:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

રાષ્ટ્રીયતા:- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

તંત્રીનું નામ:- પાર્ષદ શામજી ભગત

રાષ્ટ્રીયતા:- ભારતીય

સરનામું:- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨

માસિકના માલિક:- પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

હું પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

સહી- પુરાણી બાલકૃષ્ણદાસ.

ભગવાન શ્રીરામ તથા ભગવાન શ્રીઘનશ્યામ

- સાધુ યજ્ઞપલ્લભદાસ

ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ પુસ્તકનાં પાનાઓમાં નહીં, પરંતુ આનંદ-ઉલ્લાસ ભર્યા ઉત્સવોમાં સમાયેલો છે.

ઉત્સવ અટલે શ્રેય અને પ્રેયની એક સિક્કાની બે બાજુઓ. ઉત્સવમાં રહેલો આનંદ પ્રેય ભાગ છે, તો ઉત્સવમાં રહેલું જીવનદર્શન શ્રેય ભાગ છે. કોઈ પણ ઉત્સવની ઉજવણી પાછળ શ્રેય અને પ્રેયનો સમન્વય સધાવો જોઈએ.

જો ઉત્સવમાં કેવળ પ્રેય વણાયેલો હશે તો તે ઉત્સવ ઇન્દ્રિયોને ચંચળ કરશે, સંસ્કારોનો દેશનિકાલ થશે અને મર્યાદાઓનો ભંગ થશે. ઉત્સવોમાં કેવળ શ્રેય જ વણાયેલો હશે તો ઉત્સવ નિરસ અને ગંભીરતાનું રૂપ ધારણ કરશે, જેને લીધે નવી પેઢીના હૃદયમાં પ્રાચીન-વૈદિક મૂલ્યોનું જનત નહીં શઈ શકે. ઉત્સવોની પાછળ ભાવનું મહત્ત્વ છે. ભાવશૂન્ય અંતઃકરણથી કરેલી ઉત્સવોની ઉજવણી યંત્રવત્ બને છે અને જીવનમાં જડત્વ નિર્માણ કરે છે.

ઉત્સવોની સાથે વણાયેલો ઇતિહાસ, ભાવ-રહસ્યને સમજીને ઉત્સવ ઉજવવામાં આવે, ઉજવણીમાં સમયાનુચિત વૈવિધ્ય આવે તો ઉત્સવ શ્રેષ્ઠત્વ ધારણ કરે છે.

'ઉદ્-સુ' ધાતુમાંથી બનેલો ઉત્સવ શબ્દ ઊર્ધ્વગતિનો સંદેશ આપે છે. લખચોરાસીમાં ફરતા જીવની ઉર્ધ્વગતિમાં નિમિત્ત બને તે ઉત્સવ. સાંસ્કૃતિક ઉત્સવોની સાંસ્કારિક ઉજવણી મનુષ્યને દ્વિજત્વ બક્ષે છે.

ગતાનુગતિક પરંપરાથી સમજ્યા વગર ઉજવાતા ઉત્સવોનો કંઈ અર્થ સરતો નથી. પરિણામે સમય, શક્તિ અને સંપત્તિનો બગાડ થાય છે. માટે જ ભાવપૂર્ણ હૃદયથી અને શુદ્ધ અંતઃકરણથી ઉત્સવ ઉજવવામાં આવે, તો જીવન આનંદિત બને છે, નિરાશાઓ નાશ પામે છે અને નવી આશાઓનો સંચાર થાય છે.

ઉત્સવોની અનેકવિધ પરંપરાઓ અને વિવિધ ધારાઓ છે. કેટલાક ઉત્સવો ધર્મપ્રધાન હોય છે, કેટલાક ઉત્સવો રાષ્ટ્રપ્રધાન તો કેટલાક ઉત્સવોમાં સામાજિક જીવનનું પ્રાધાન્ય સમાયેલું હોય છે. હોળી, દીવાળી, શિવરાત્રિ, જન્માષ્ટમી, રામનવમી વગેરે ઉત્સવોમાં ધર્મતત્ત્વ પ્રધાન છે. પ્રજાસત્તાકપર્વ, સ્વતંત્રતાપર્વ, ગાંધીજયંતી વગેરે પર્વો રાષ્ટ્રભક્તિને પ્રાધાન્ય આપે છે. રક્ષાબંધન, ભાઈબીજ, શ્રાદ્ધપક્ષ જેવા પર્વો ધર્મની સાથે સાથે સામાજિક જીવનને પણ વણી લે છે.

દરેક ઉત્સવ પોતાનો અનોખો અંદાજ લઈને આવે છે. દરેક ઉત્સવ ઉજવવાના રીત-રિવાજ જુદાંજુદાં છે. દરેક ઉત્સવનો આનંદ નોખો છે, દરેક ઉત્સવની ભાવોર્મિઓ જુદાંજુદાં ભાવપ્રવાહો સર્જે છે.

આમ તો દરેક ઉત્સવો શ્રેષ્ઠ જ હોય છે પરંતુ શિવરાત્રી, જન્માષ્ટમી, રામનવમી જેવા ઉત્સવોમાં ઇષ્ટનો સંબંધ જોડાયેલો હોવાથી આ ઉત્સવોની ભાત નોખી હોય છે. શિવરાત્રીએ શિવજીની આરાધના-સાધના-ભક્તિ થાય છે, જન્માષ્ટમીએ કૃષ્ણકનૈયાના જન્મને વધાવવા હૈયું હિલોળા લે છે. તો વળી રામનવમીની મહત્તા જ જુદી છે. એક જ દિવસે બે બે અવતાર-અવતારીનો પ્રાદુર્ભાવ થયો હોવાથી ભક્તહૃદયમાં ભક્તિની ભરતી આવે છે.

ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ સનાતન ધર્મની ધરોહર સમા આવતારો છે. અનેક જીવોના હૃદયમાં અપાર શ્રદ્ધા અને ભક્તિપૂર્વકનું સ્થાન આ અવતારોએ લીધું છે. દુનિયાના મોટા ભાગના દેશોમાં આ ત્રણે અવતારોની ઉપાસના પ્રવર્તી છે, ત્યારે રામનવમી મહોત્સવ ભારે મહત્ત્વનો બની જાય છે. મધ્યાહ્ને ભગવાન શ્રીરામનું પ્રાગટ્ય તથા રાત્રે ભગવાન શ્રીઘનશ્યામનું પ્રાગટ્ય રામનવમીના દિવસને ધન્ય બનાવે છે. આ દિવસનું મહત્ત્વ આંકી શકાય નહીં.

કેટલાંક કાર્યોને નિમિત્ત બનાવીને ભક્તોને લાડ લડાવવા પ્રગટ તથા ભગવાન પોતાની જીવનલીલાં તેમજ

વાણીવૈભવ દ્વારા કલ્યાણનો રાજમાર્ગ ખોલતા હોય છે. એ લીલાઓ અને અમૃતવચનો દીર્ઘકાળ સુધી આ જગતના મુમુક્ષુ જીવો માટે સંજીવની બની રહે છે. એ લીલાઓનું શ્રવણ, મનન, ચિંતન ત્રિવિધ તાપમાં સપડાયેલા જીવોને સાંત્વના અર્પે છે. અમૃતવચનોનું અનુસરણ ભવસાગરમાં-લખચોરાસીમાં અટવાયેલા જીવોને કલ્યાણના માર્ગે પ્રયાણ કરાવે છે.

સંતો રમૂજમાં કહે છે, ભગવાન શ્રીકૃષ્ણ કહે એમ કરાય. જો શ્રીકૃષ્ણનાં આચરણનું અનુસરણ કરીએ તો ઘરે સાજા પાછા ન આવીએ. ભગવાન શ્રીરામ કહે એમ કરાય. ભગવાન શ્રીરામનાં આચરણને અનુસરનારો દેવ દઈને પૂજાય. ભગવાન શ્રીઘનશ્યામ કહે એમ કરાય અને ત્રેવડ હોય તો કરે એમ પણ કરી શકાય.

નટખટ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ અટપટી છે. એમની લીલાઓના રહસ્યને પામવું પામર જીવો માટે કઠણ છે. ભગવાન શ્રીરામની લીલાઓના અનુસરણમાં શક્યતાઓ રહી છે. ભગવાન શ્રીઘનશ્યામની લીલાઓનું અનુસરણ કરતા પહેલા વિચાર-મંથન માંગી લે છે.

સૂક્ષ્મ દૃષ્ટિએ ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામની લીલાઓ અધ્યાત્મનાં ઊંચા શિખરો સર કરે છે. એ લીલા-ચરિત્રોનું શ્રવણ-મનન-ચિંતન દ્વારા મોક્ષમાર્ગ સરળ અને સહજતાથી સિદ્ધ થાય છે. ભગવાન શ્રીરામ અને શ્રીઘનશ્યામની બે લાલાઓનાં સાયુજ્યને જોઈએ.

રામાયણની ધનુષ્યભંગની લીલા અદ્‌ભુત છે. મહાત્મા તુલસીદાસજી અને મહર્ષિ વાલ્મીકિજીએ આ બન્ને લીલાઓનું રસપ્રદ વર્ણન કર્યું છે. વાલ્મીકિ રામાયણ અને રામચરિતમાનસમાં આ લીલાનું વર્ણન થોડું-ઘણું જૂદું છે, પરંતુ બન્ને ગ્રંથકર્તાનો ઉદ્દેશ સીતાસ્વયંવર છે.

એક સમયે મિથિલામાં ભયંકર દુષ્કાળ પડ્યો. ચારે તરફ હાહાકાર થયો. અન્નજળ વિના લોકો ટળવળવા લાગ્યા, ત્યારે રાજા જનક સોનાનું હળ લઈને જમીન ખેડવા નીકળ્યા. જમીન ખેડતી વખતે પૃથ્વીમાંથી સીતાજી મળ્યાં. હળની અણીને સીતા કહેવાય છે અને ભૂમિને પણ સીતા કહેવાય છે. તેથી જે કન્યા મળી તેનું નામ સીતા પડ્યું.

રાજા જનકના આંગણામાં એક મહાન ધનુષ્ય પડ્યું હતું. પઢીઓ પહેલા એ ધનુષ્ય દેવોએ જનકને આપેલું. દેવોને શિવજીએ આપેલું. આ ધનુષ્ય એટલું બધું વજનદાર હતું કે પાંચ હજાર માણસો મળીને પણ તેને માંડ માંડ ઊચકી શકતા.

સીતાજી બાળપણથી જ ભારે પરાક્રમી હતાં. વજનદાર ધનુષ્યને નાનકડાં સીતાજી ઘસડી જતાં અને ઘોડો કરીને રમત રમતાં. સીતાજીનું આવું પરાક્રમ જોઈને રાજા જનકે સંકલ્પ કર્યો હતો કે, સીતા જ્યારે પુખ્ત ઉંમરના થશે ત્યારે આ ધનુષ્યને આધાર માનીને સ્વયંવર રચીશ. જોતજોતામાં સીતાજી યુવાવસ્થાએ પહોંચી ગયાં. સ્વયંવરનું આયોજન થયું. દેશદેશાંતરથી પરાક્રમી રાજાઓ, રાજકુમારો આવ્યા. સીતાસ્વયંવરની શરતો રજૂ થઈ. બધાએ વારાફરતી આવી બહુ પ્રયત્નો કર્યા, પણ ધનુષ્ય ટસથી મસ ન થયું. રાજા જનક અને જનકપુરી ભારે મૂંઝવણમાં મૂકાઈ. એવે વખતે મહર્ષિ વિશ્વામિત્ર ભગવાન શ્રીરામચંદ્રજીને લઈને પધાર્યા.

સ્વયંવરના નિયમ પ્રમાણે ધનુષ્યની પણછ ચડાવવાની હતી, પરંતુ ભગવાને ધનુષ્યની પણછ ચડાવવાને બદલે ધનુષ્યનો ભંગ કર્યો. સર્વત્ર જેજેકાર થયો. સીતાજી ભગવાનને વર્યાં.

ભગવાનની આ લીલા રહસ્યભરી છે. કોઈ મુમુક્ષુએ ભગવાનની આ લીલાનું રહસ્ય પૂછ્યું, ત્યારે સંતોએ કહ્યું, "ભગવાન કૃપાસાધ્ય છે, સાધનાસાધ્ય નથી. સાધન ભગવાનને પ્રસન્ન કરવા માટે નિમિત્ત છે. ધર્મ-જ્ઞાન-વૈરાગ્યાદિક સાધને કરીને ભક્તિ સિદ્ધ કરવાની છે. સીતાજી જીવની ભૂમિકાએ છે અને ધનુષ્ય સાધનનું પ્રતિક છે. સીતાજી અને ભગવાન વચ્ચે ધનુષ્યરૂપી સાધન છે, જે સાધન સીતાજીને ભગવાનની પ્રાપ્તિ કરાવવાનું છે. સીતાજી ભગવાનને મળવા માટે આતુર છે. સીતાજી જાણે છે કે, ધનુષ્ય-સાધન જ મને ભગવાનની પ્રાપ્તિ કરવામાં સહયોગી થશે. માટે જ તેઓ બાલ્યાવસ્થાથી સાધકની ભૂમિકાએ રહી ધનુષ્ય સાથે રમી રહ્યાં છે, સાધના કરી રહ્યાં છે."

ભગવાન સીતાજીની સાધનાથી પ્રસન્ન થયા છે. સીતાજીનાં સાધનથી પ્રસન્ન થયેલા ભગવાન સીતાજીને મળવા આતુર છે અને કહેવા માગે છે કે, "સાધ્ય તમારી સામે છે, હવે સાધનની જરૂર નથી." સાધ્યની પ્રસન્નતા એ જ સાધનાની પૂર્ણતા છે. માટે જ ભગવાન ધનુષ્યનો ભંગ કરે છે.

ધનુષ્યભંગની આવી જ અકળ લીલા ભગવાન શ્રીઘનશ્યામ હિમાલયની યાત્રા દરમિયાન કરે છે. પુલહાશ્રમના માર્ગે યાત્રા કરતા ઘનશ્યામને સિદ્ધ યોગીઓનું વૃન્દ મળે છે. સિદ્ધોની સાધનાથી પ્રસન્ન થયેલા ઘનશ્યામ એમની સાધનાને પૂર્ણ કરવા જ અહીં પધાર્યા હતા. એ સમયે ઘનશ્યામ પોતાની અમૃતવાણી દ્વારા સિદ્ધોને ભગવત્‌પ્રાપ્તિમાં સાધનની આવશ્યકતા

અને સત્સંગનું મહત્ત્વ સમજાવે છે. એ સમયનો સંવાદ અદ્‌ભુત છે.

હિમાલયના પવિત્ર વાતાવરણમાં, સુંદર સરોવરને કિનારે મહાન યોગીઓ તથા નાનકડા ઘનશ્યામ વચ્ચે યોગના અનેક પ્રકારો અને યોગમાર્ગની અનેક પ્રકારની આંટીઘૂંટીઓની તેમજ અવરોધોની ચર્ચા થઈ રહી છે. એ સમયે ઘનશ્યામે હજારો વર્ષથી સાધના કરી રહેલા સિદ્ધપુરુષોને માર્મિક ટકોર કરતા કહ્યું, "સિદ્ધપુરુષો ! આપની સાધનાને હું વંદન કરું છું; આપ હજારો વર્ષથી યોગસિદ્ધ કાયા ધારી રહ્યા છો, પરંતુ અમે એને યોગનું ફળ માનતા નથી. યોગ નિમિત્તે પણ કાયાના પીંજરમાં પૂરાઈ રહેવું યોગ્ય નથી. મનુષ્ય દેહ ભગવદ્‌પ્રાપ્તિનું અનુપમ સાધન છે. આ સાધનને વર્ષો સુધી ટકાવી રાખવા માટે પરિશ્રમ કરવો એના કરતાં આ સાધનનો સમજણપૂર્વક સદુપયોગ કરી, પરમતત્ત્વની પ્રાપ્તિરૂપ પરમપદાર્થ સિદ્ધ કરી, સર્પ જેમ કાંચળી ઊતારે એમ કાયાને તજી દેવી જોઈએ. હે યોગીઓ ! પરમતત્ત્વની પ્રાપ્તિ માટે યોગ કરતાંય સત્સંગ શ્રેષ્ઠ છે. ભગવદ્‌પ્રાપ્તિ એ જ સાચી સિદ્ધિ છે, એ સિવાય અન્ય સિદ્ધિઓ તણખલા જેવી છે."

"હે યોગીઓ ! માત્ર હઠયોગથી જ ભગવદ્‌પ્રાપ્તિ થાય, એમ માની લેવું એ ભ્રાન્તિ છે. ભગવદ્‌પ્રાપ્તિનું સાધન ભક્તિયોગ છે, જેને રાજયોગ પણ કહી શકાય છે. પ્રાણનો નિરોધ કર્યા સિવાય પ્રેમાતુર મનથી પ્રેમી ભક્તો પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે અને સમાધિથી શ્રેષ્ઠ સુખ ભોગવી શકે છે."

ઘનશ્યામની વાણીનું અમૃતની પેઠે પાન કર્યા પછી સિદ્ધોને પોતાની સિદ્ધાઈ તણખલા જેવી લાગી. હજારો વર્ષથી પોતે જે સાધનો કરી પરમતત્ત્વને પ્રાપ્ત કરવા મથતા હતા અને એમને જે સિદ્ધાઈ પ્રાપ્ત થઈ હતી એ એમને અવરોધરૂપ લાગવા લાગી. એમને પોતાની અપૂર્ણતાનું ભાન થયું.

ત્યારે સિદ્ધપુરુષોએ કહ્યું, "હે બાલયોગી ! અમને અમારા પરમ ગુરુ મહર્ષિ દુર્વાસાએ હજારો વર્ષ પહેલા વરદાનરૂપ વાત કહી હતી કે, 'ભવિષ્યમાં તમને મહાન યોગેશ્વરની પ્રાપ્તિ થશે અને તમારા યોગનું ફળ મળશે. તમારાં દર્શનથી અને તમારી અમૃતમય વાણીના શ્રવણથી અમને લાગે છે કે અમને દુર્વાસા ઋષિએ જે આશીર્વાદ આપ્યા હતા, તે આજે ફળી રહ્યા છે. હવે આપ જ કહો કે અમારે શું કરવું જોઈએ ?"

ઘનશ્યામે કહ્યું, "હે સિદ્ધપુરુષો ! હવે તમે તમારી આ યોગસિદ્ધ કાયાઓનો ત્યાગ કરો. ભરતખંડમાં મનુષ્ય દેહ ધારણ કરો. ભગવાનના ઉત્તમ ભાગવત પરમહંસોનો સંગ કરો. ભાગવત પરમહંસો તમને સાચો યોગ શીખવશે." આ રીતે ભગવાન ઘનશ્યામ સિદ્ધોની સાધનાને પૂર્ણ કરાવે છે અને સાધનારૂપી ધનુષ્યનો ભંગ કરે છે.

ભગવાન શ્રીરામ અને શ્રીઘનશ્યામના આ બન્ને ચરિત્રોમાં ભગવત્‌પ્રાપ્તિમાં સાધનની આવશ્યકતાની સાથે સત્સંગ-શરણાગતિ અને ભક્તિનું મહત્ત્વ જોવા મળે છે.

ભગવાન શ્રીરામનાં રાજારૂપે અને તાપસરૂપે દર્શન થાય છે તો ભગવાન શ્રીઘનશ્યામનાં સાધુરૂપે વધારે દર્શન થાય છે. ભગવાન શ્રીરામ હાથમાં હંમેશાં ધનુષ-બાણ ધારણ કરી રાખે છે, તો ભગવાન શ્રીઘનશ્યામ હાથમાં માળા ધારણ કરી રાખે છે.

ઉપનિષદમાં ધનુષ્યને પ્રણવ(ૐ)ની ઉપમા આપવામાં આવી છે અને શર(તીર)ને આત્મા કહેવાયો છે. પ્રણવરૂપી ધનુષ્ય ઉપર આત્મારૂપી બાણ ચડાવી પરમાત્મારૂપી લક્ષ્યને વીંધવાનું છે. બીજી રીતે કહીએ તો ધનુષ્ય જ્ઞાનનું પ્રતિક છે અને બાણ વિવેકનું પ્રતિક છે. જ્ઞાનરૂપી ધનુષ્ય ઉપર વિવેકરૂપી બાણ ચડાવે તો ધાર્યું લક્ષ્ય સિદ્ધ કરી શકાય. એટલે જ ભગવાન શ્રીરામની માફક સાધકે હંમેશાં ધનુષ્ય-બાણથી સજ્જ રહેવાનું છે.

ભક્તોના રક્ષણ માટે, ઋષિ-મુનિઓના યજ્ઞના રક્ષણ માટે, રાજધર્મની મર્યાદા માટે, રાક્ષસોનો સંહાર કરવા માટે જેમ રામજીએ ધનુષ્ય-બાણ સજ્જ રાખ્યાં છે તેમ સાધકે કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર વગેરે અંતઃશત્રુઓ સામે લડવાનું છે. વાસનારૂપી તાડકા, મારીચ અને શૂર્પણખા સામે લડવાનું છે. કઈ ઘડીએ અને કઈ બાજુથી આ રાક્ષસો આક્રમણ કરશે એની ખબર નથી, એટલે જ રામજીની પેઠે ચોવીસ કલાક-બારે મહિના સાધકે ધનુષ્ય-બાણ સજ્જ રાખવાનાં છે. જે ક્ષણેક્ષણે સાવધાન રહે છે, તેમની આગળ શત્રુઓનું કંઈ ચાલતું નથી.

શ્રીઘનશ્યામ શ્વેતાંબરધારી છે અને હાથમાં માળા ધારણ કરે છે. શ્વેત વસ્ત્રો સાત્ત્વિકતાનું પ્રતિક છે અને માળા એકાંતિકી ભક્તિનું સ્વરૂપ છે.

જે સાધુપુરુષ છે-સાધક છે એમનું જીવન સદા સાત્વિક હોવું જોઈએ. અહંકાર, રાગ-દ્વેષ, દેહાભિમાન જેવા દોષોના દમન સાથે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મનનાં આહાર સાત્વિક રાખવાની પ્રેરણા શ્વેત વસ્ત્રોમાંથી મળતી રહે છે.

સમાધાન પાના નં. ૧૪ ઉપર

ભગવાનનાં અવતરણનો હેતુ

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

અવતારોની જ્યારે વાત આવે ત્યારે મોટા ભાગના હિન્દુઓના મનમાં દસ કે ચોવીશ અવતારોની કલ્પનાઓ ઊઠે. ભગવત્તત્ત્વને સંખ્યાથી બાંધી શકાય નહીં. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્દેશીને અવતારતત્ત્વનું બાહુલ્ય જણાવતા કહે છે, बहुनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन। "હે અર્જુન! તારા અને મારા અનેક જન્મો થયા છે."

જીવના જન્મો અને ભગવાનના પ્રાગટ્ય વચ્ચે ઘણો તફાવત છે. માણસ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તોપણ તે અલ્પજ્ઞ છે, જ્યારે ભગવાન ગમે તેવી માનુષિક ચેષ્ટાઓ કરે તોપણ તે સર્વજ્ઞ છે. જીવ માત્ર પોતાના દેહમાં જ વ્યાપીને રહી શકે છે, જ્યારે ભગવાન તો મનુષ્યદેહ ધારી રહેવા છતાં કણેકણમાં વ્યાપીને રહ્યા છે. મનુષ્ય રૂપે પ્રગટેલા ભગવાન માયાનાં આવરણમાં રહેવા છતાં નિર્ગુણ છે. એટલું જ નહીં, એનું જે ધ્યાન-ઉપાસન કરી ભજે છે તે પણ નિર્ગુણભાવને પામી જાય છે. એનું ઉત્તમ ઉદાહરણ વ્રજની ગોપીઓ છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્દેશીને કહે છે કે, 'મારાં જન્મ અને કર્મ સાધારણ માનવ જેવા નથી, પરંતુ દિવ્ય છે એમ જે યથાર્થ જાણે છે તે પુનર્જન્મ પામતો નથી પરંતુ દિવ્ય બની મને જ પામે છે.'

ગુજરાતી સાહિત્યમાં એક કહેવત છે, કંકર એટલા શંકર. જેટલા આ ભૂમિના રજકણ છે એટલા અસંખ્ય ભગવાનના અવતારો છે. એનું પરમ પ્રમાણ વેદ છે. હિન્દુ સનાતન ધર્મના આધારસ્તંભ સમાન વેદો ભગવત્તત્ત્વનું નિરૂપણ કરતાં કહે છે, अजायमानो बहुधा विजायते । અજન્મા ભગવાન અનેક રૂપે અવતરે છે. ભગવાનના અવતારો અનંત છે.

ભારતમાં એક એવો વર્ગ પણ છે કે જે પરમાત્મતત્ત્વને માને છે પણ પરમાત્માના અવતારોને સ્વીકારતો નથી. હિન્દુ ધર્મ અવતારતત્ત્વને માનનારો સનાતન ધર્મ છે. કેટલાક કહેવાતા ધાર્મિક બૌદ્ધિકો એવું કહે છે કે, હિન્દુ ધર્મના મુખ્ય ગ્રંથ વેદોમાં ક્યાંય અવતારતત્ત્વનું પ્રતિપાદન નથી, માટે અવતારવાદ કાલ્પનિક અને અપ્રામાણિક છે.

વેદોમાં ઘણી જગ્યાએ એવું સ્પષ્ટ પ્રતિપાદન જોવા મળે છે કે, ભગવાન પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે. યજુર્વેદનો એક મંત્ર છે,

प्रतद्विष्णुः स्तवते वीर्येण ।
मृगो न भीमः कुचरो गिरिष्ठः ।
यस्योरुषु त्रिषु विक्रमणेषु ।
अधिक्षियन्ति भुवनानि विश्वे ॥ (यजुर्वेद,अ-५,मन्त्र-२०)

વેદોના મહાન ભાષ્યકાર ઉવટે યજુર્વેદના આ મંત્રનો અર્થ કર્યો છે કે, કુ એટલે પૃથ્વી અને ચર એટલે વિચરનારા, કુચર એટલે પૃથ્વી ઉપર વિચરનારા. ભાષ્યકારો કહે છે, સિંહ સમાન નિર્ભય અને પ્રભાવી એ વિષ્ણુ આકાશની મેઘઘટાઓમાં ઇન્દ્ર રૂપે, વેદવાક્યોમાં પરમતત્ત્વ રૂપે, શરીરમાં આત્મા રૂપે અને પૃથ્વી ઉપર મત્સ્ય, કૂર્મ વગેરે અવતાર સ્વરૂપે વિહરે છે. વેદના આ મંત્રનો અર્થ ભાષ્યકારો વિવિધ રીતે કરી શકે છે પરંતુ જેમણે એક વેદના ચાર વિભાગ કર્યા એવા વેદવ્યાસજીની અવતારતત્ત્વ અને એની અસંખ્યતામાં પૂર્ણ મત છે. મહર્ષિ વેદવ્યાસજીએ વેદોના ઉપબૃહ્મણ ગ્રંથો સમાન પુરાણોમાં વારંવાર અવતારતત્ત્વનો ઉલ્લેખ જ નહીં પરંતુ એમની દિવ્યમાનુષિક લીલાઓનું મુક્તકંઠે ગાન કર્યું છે. વેદવ્યાસજી ભગવાનના અવતારોની સંખ્યા વિશે શ્રીમદ્ ભાગવતજીમાં લખે છે, अवतारा ह्यसङ्ख्येयाः हरेः सत्त्वनिधेर्द्विजाः । (१ ३-२६) સત્ત્વશીલ ભગવાન શ્રીહરિના અસંખ્ય અવતારો છે. શ્રીમદ્ ભાગવતજીમાં જ ત્રીશથી વધુ અવતારોની કથા વેદવ્યાસજીએ લખી છે.

વામન અવતાર માટે તો વેદોમાં મંત્ર સાથે સ્પષ્ટ ઉલ્લેખ છે કે, इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् । આ મંત્રમાં ભગવાન શ્રીવિષ્ણુના વામન અવતારનાં ત્રણ પગલાંની વાત સ્પષ્ટ થાય છે. ન માત્ર વેદ પરંતુ બીજા અનેક પુરાણો અને ભારતીય સ્મૃતિ ગ્રંથો દ્વારા સ્પષ્ટ પ્રમાણ છે કે ભગવાન અવતાર ધારણ કરે છે. પરંતુ

ભગવાન શા માટે અવતાર ધારણ કરે છે ? ભગવાનને અવતાર ધારણ કરવાનું પ્રયોજન શું છે ? એ ભગવાનનાં અવતરણનો હેતુ સ્પષ્ટ કરતા ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ઉદ્દેશીને કહે છે,

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥ (गीता ४ ७,८)

'હે અર્જુન્ ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ વૃદ્ધિ પામે છે ત્યારે સાધુઓની રક્ષા માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે અવતાર ધારણ કરું છું.'

તુલસીદાસજી મહારાજ રામાયણમાં કહે છે,

जब जब होई धरम की हानि ।
बाढहिं असुर अधम अभिमानी ॥
तब तब धरि प्रभु बिबिध शरीरा ।
हरहिं कृपानिधि सज्जन पीरा ॥ (रामचरित मानस-बालकाण्ड)

જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય અને અભિમાની અધમ અસુરો વધી જાય, ત્યારે ભગવાન વિવિધ અવતાર ધારી સજ્જનોના દુઃખોને દૂર કરે છે.

ભગવદ્પાદ્ રામાનુજાચાર્યજી ગીતાભાષ્યમાં ભગવાનનાં અવતરણનો હેતુ લખે છે, दुष्टनिग्रहपूर्वकं शिष्टरक्षणम् । 'દુષ્ટોનો નિગ્રહ કરી સજ્જનોનું રક્ષણ કરવું.'

ભગવાનનાં અવતરણના હેતુમાં એક એવો પણ પ્રશ્ન ઊઠે છે કે અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવું અને અસુરોનો સંહાર કરી સજ્જનોની રક્ષા કરવી એતો કોઈ પ્રતાપી મહાપુરુષ કે ચક્રવર્તી રાજા પણ કરી શકે અથવા તો ભગવાન પોતાના ધામમાંથી કોઈ મુક્તને પણ આજ્ઞા કરીને આ કાર્ય કરાવી શકે તો પછી ભગવાનને સ્વયં અવતાર લેવાનું શું પ્રયોજન છે ?

ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણીના પાંચમા વચનામૃતમાં આ પ્રશ્નની વિશેષ સ્પષ્ટતા કરતા કહે છે, 'ભગવાન જીવનાં કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર અવતાર ધરે છે તે અવતાર ધર્યા વિના પોતાના ધામમાં રહ્યા થકા શું કલ્યાણ કરવાને સમર્થ નથી ?... અને જો અવતાર ધરે ત્યારે જ ભગવાનમાં કલ્યાણ કરવાની સામર્થી હોય અને અવતાર ધર્યા વિના જીવના કલ્યાણ ન કરી શકતા હોય તો ભગવાનને વિશે પણ એટલું અસમર્થપણું આવે... માટે એવા જે ભગવાન તેને અવતાર ધર્યાનું શું પ્રયોજન છે ?'

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે, 'ભગવાનને વિષે અતિશય પ્રીતિવાળા જે ભક્ત હોય તેની ભક્તિને આધીન થઈને તે ભક્તને સુખ દેવાને અર્થે જેવી ભક્તની ઇચ્છા હોય તેવાં રૂપનું ધારણ કરે છે. પછી જેવાજેવા પોતાના ભક્તના મનોરથ હોય તે સર્વે પૂરા કરે છે.... માટે પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે.'

લૌકિક દૃષ્ટિએ જોઈએ તો જેમ કોઈ ન્યાયાધીશ ન્યાયાલયમાં બેઠાંબેઠાં પોતાનાં બાળકને લાડ ન લડાવી શકે, રમાડી ન શકે, આનંદ કરાવી ન શકે. એ માટે તો એણે પોતાની માન-મર્યાદા છોડી, યુનિફોર્મ ઊતારી, પોતાનું જ્ઞાનીપણાનું ગૌરવ અને આવડત છોડી બાળક બનવું પડે અને બાળક જેવી ચેષ્ટાઓ કરી બાળકની ઇચ્છા પ્રમાણે લાડ લડાવવા પડે તો એ શક્ય બને. ભગવાન પણ પોતે પોતાનું ઐશ્વર્ય છુપાવી મનુષ્ય જેવા થઈ દેહધારી ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપે છે અને લાડ લડાવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ એ વાતને પુષ્ટ કરતા કહે છે, 'પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે વર્તે છે અથવા સખાભાવે વર્તે છે અથવા મિત્રભાવે વર્તે છે અથવા સગાં-સંબંધીને ભાવે વર્તે છે, તેણે કરીને એ ભગવાનની ઝાઝી મર્યાદા રહેતી નથી. પછી જેવી એ ભક્તને ઇચ્છા હોય તેવી રીતે લાડ લડાવે છે.'

સર્વતંત્ર સ્વતંત્ર ભગવાન બધાં જ કાર્યો પોતાની ઇચ્છા અનુસાર સંકલ્પ માત્રથી કરી શકે છે, પરંતુ ભગવાન ભક્તાધીન છે. જેમ બાળકનાં વાત્સલ્ય આગળ મા વિવશ બનીને નમી જાય છે, તેમ ભગવાન પણ પોતાના પ્રેમી ભક્તના પ્રેમને આધીન થઈને તેના જેવા થઈને અવતાર ધરે છે અને તેના મનોરથ પૂર્ણ કરે છે.

એક વાત તો સ્પષ્ટ છે કે ભગવાન અમોઘ ઐશ્વર્યના સાગર અને મહા તેજસ્વી મૂર્તિ છે. સૂર્ય પણ જો એના એજ સ્વરૂપમાં તેજના ગોળા રૂપે પૃથ્વી ઉપર આવે, તો પૃથ્વીનું અસ્તિત્ત્વ મટી જાય. મહાભારતનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે કુંતાજીના મંત્રપ્રયોગથી જ્યારે સૂર્ય એના જેવા દેહધારી થઈને આવ્યા ત્યારે એમનો મનોરથ પૂર્ણ થયો. ભગવાન પણ પોતાનું ઐશ્વર્ય છુપાવીને જ્યારે જ્યારે જેવા રૂપની જરૂર પડે ત્યારે ત્યારે દેવતાઓમાં, મનુષ્યોમાં, પશુ-પંખીઓમાં કે જળચરોમાં પણ એવા રૂપને ધારી અવતરે છે.

ભગવાન ભલે દેવ-મનુષ્ય કે પશુપંખીઓ રૂપે અવતાર ધારણ કરે, પરંતુ એ દેહધારી હોવા છતાંય દિવ્ય છે. સામાન્ય મનુષ્ય અને મનુષ્ય રૂપે પ્રગટેલા પરમાત્મા વચ્ચે ઘણો તફાવત છે. જીવપ્રાણિમાત્ર પોતાનાં કર્મને આધીન થઈને જન્મમરણને પામે છે, જ્યારે ભગવાન કોઈ કર્મને આધીન થઈને અવતરતા નથી, એતો ભક્તાધીન થઈને પ્રગટે છે. ભગવાન પ્રકૃતિના આવરણમાં અવતરે તોપણ પ્રકૃતિના પાશ એને સ્પર્શતા નથી. ભગવાન સદા સર્વદા નિર્વિકારી છે. જેમ આકાશ સમગ્ર સૃષ્ટિમાં ઓતપ્રોત હોવા છતાં નિર્દોષ અને નિર્વિકાર રહે છે, કમળ કાદવમાં ખીલતું હોવા છતાં કાદવ એને સ્પર્શતો નથી એમ ભગવાન પણ નિત્યશુદ્ધ અને નિર્વિકાર રહે છે, માયાના કોઈ દોષ એમને સ્પર્શી શકતા નથી. ભગવાન કર્તા થકા અકર્તા છે. માનુષભાવે જણાતી એમની દરેક ચેષ્ટા દિવ્ય હોય છે. કોઈ કર્મ એમને બાંધી શકતું નથી, ભગવાન તો સર્વ જીવપ્રાણિમાત્રના કર્મફળપ્રદાતા છે.

સર્વસમર્થ એ ભગવાન ક્યારેક આવેશાવતાર પણ ધારણ કરે છે. ભગવાન અવતાર ધારણ કરવામાં સ્વતંત્ર છે. કોઈ કાર્ય નિમિત્ત થોડા સમય માટે ભગવાન નારદજી રૂપે અંશાવતાર, વ્યાસજી રૂપે કલાવતાર કે પરશુરામ રૂપે આવેશ અવતાર પણ ધારણ કરે છે. ભગવાનની અવતાર ધરવાની રીત અલૌકિક છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે કારિયાણીની અક્ષર ઓરડીમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને પોતાના અવતરણના છ હેતુઓ કહ્યા હતા. પહેલો હેતુ પૃથ્વી ઉપર પરબ્રહ્મ સર્વોપરી પુરુષોત્તમ નારાયણની ઉપાસના પ્રવર્તાવવી. બીજો હેતુ વિવિધ ધામોના મુક્તોને અક્ષરધામમાં લઈ જવા. ત્રીજો હેતુ પૃથ્વી ઉપર એકાંતિક ભાગવતધર્મની સ્થાપના કરવી. ચોથો હેતુ ધર્મે સહિત ભક્તિને સુખ આપવું. પાંચમો હેતુ હજારો વર્ષથી સાધના કરી રહેલા યોગીઓ અને યોગભ્રષ્ટ જીવાત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવું અને છઠ્ઠો હેતુ ભગવાનના આશ્રિત સંતો-ભક્તોના સંબંધથી અનંત જીવોનું કલ્યાણ કરવું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતના પ્રમાણથી એવું સ્પષ્ટ થાય છે કે ભગવાનને અવતાર ધર્યાનું મુખ્ય પ્રયોજન પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરી તેને લાડ લડાવવાનું છે અને સાથે સાથે અસુરોનો સંહાર કરી ધર્મનું સ્થાપન કરે છે અને અનેક જીવનું કલ્યાણ પણ કરે છે. ■

અનુસંધાન પાના નં. ૧૧ નું

શ્વેત વસ્ત્રો ઉપર પડેલો એક નાનકડો ડાઘ વસ્ત્રને નકામું બનાવી દે છે, તે જ રીતે સાધકની વૃત્તિઓમાં રહેલી વિષયો તરફની તૃષ્ણા સાધકને સાધનામાર્ગમાંથી પાડી દે છે. માટે જ શ્રીઘનશ્યામ ગ.પ્ર. ૧૮મા વચનામૃતમાં કહે છે, "પંચ વિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહિ કરે અને તે નારદ સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? તે સારુ એ પંચ ઈન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતકરણ ભ્રષ્ટ થઈ જાશે. અને પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે. અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે, માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કોઈ વિક્ષેપ થઈ આવે છે તેનું કારણ તો પંચ ઈન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી."

શુદ્ધ અંતઃકરણમાં ભક્તિનું પ્રાગટ્ય થાય છે. માળા એ ભક્તિનું પ્રતિક છે. જે રીતે માળાના મણકા એક દોરામાં પરોવાઈ રહ્યા છે, તે જ રીતે સાધકની વૃત્તિઓના અનેક પ્રવાહો ભગવાનની મૂર્તિરૂપી દોરામાં પરોવાયેલા રહેવા જોઈએ. હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં સર્વ ક્રિયાને વિશે જેમને એક ભગવાનનાં સ્વરૂપનું અુસંધાન રહે છે તે સાધકની વૃત્તિ ક્યારેય વિખેરાતી નથી.

વચનામૃત ગ્રંથમાં ભક્તિ માટે 'એકાંતિકી ભક્તિ' શબ્દ પ્રયોજાયો છે. જે ભક્તિને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યનું રક્ષણ હોય તે ભક્તિ સાધકને પાર પાડે છે. જેમ વાડ વિનાનું ખેતર રક્ષાયેલું રહેતું નથી, તેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યરૂપી વાડ ભક્તની ભક્તિનું રક્ષણ કરે છે. અન્યથા ભક્તિ વ્યભિચરી જાય છે.

આમ ભગવાન શ્રીરામ તથા શ્રીઘનશ્યામ મહારાજની અનેક લીલાઓ આપણને પ્રોત્સાહન આપતા રહે છે. આ લીલાઓ સાગર જેવી ગંભીર, આકાશ જેવી વિશાળ, હિમાલય જેવી ઉદાત્ત છે. આ લીલારહસ્યોને તથા સંદેશાઓને જીવનમાં અપનાવવા તેમજ તેને સમાજમાં ટકાવી રાખવા કૃતનિશ્ચયી બનીએ તો જ આપણે સાચા અર્થમાં રામનવમી ઉજવી કહેવાય. ■

સમાચાર દર્શન

શ્રી ધર્મજીવન ભવન : શિલાન્યાસ

આજથી લગભગ ચાલીસ-પિસ્તાલીસ વર્ષ પહેલા અમદાવાદ ખાતે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની દેખરેખ નીચે ગુરુકુલના ભવનો તૈયાર થયેલા. સમયાંતરે એ ભવનો ખૂબ જીર્ણ થયા હતા. જે ભવનોની જગ્યાએ નૂતન 'ધર્મજીવન ભુવન' નિર્માણ કરવું એવો પ્રકલ્પ સદ્‌ગુરુ સંતોએ જાહેર કર્યો. એ નૂતન ભવનમાં વિદ્યાર્થીઓનું ભોજનાલય, વિદ્યાલય, કાર્યાલય, ગેસ્ટહાઉસ, પાર્કિંગ વગેરેનું નિર્માણ કરવામાં આવશે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી વિશાળ ધર્મજીવન ભવનની રૂપરેખા તૈયાર થઈ. સાત માળનું વિશાળ ભવન નિર્માણ કરવાનો નિર્ધાર કર્યો. તારીખ ૧ માર્ચના રોજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે ગુરુદેવની સ્મૃતિમાં અને ગુરુદેવના નામથી જ 'શ્રીધર્મજીવન ભવન'નો શિલાન્યાસ કરવામાં આવ્યો.

ગુરુદેવની પુણ્યતિથિની પૂર્વ સંધ્યાએ તથા શિલાન્યાસ પહેલા અમદાવાદ ગુરુકુલ ખાતે ૨૫ કલાકની અખંડ ધૂન, અખંડ મંત્રલેખન તથા અખંડ દંડવતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતો, હરિભક્તો તથા વિદ્યાર્થીઓ જોડાયા હતા. ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે શ્રીહરિની પ્રસન્નતા માટે થયેલી ધૂનમાં ઉપસ્થિત રહેનાર સૌકોઈને દિવ્યતાનો અનુભવ થયો હતો.

પવિત્ર ભૂદેવો તથા સંતોના સાંનિધ્યમાં વૈદિક વિધિ સાથે શિલાપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં સદ્‌ગુરુ સંતોની સાથે યજમાનો જોડાયા હતા. શિલાન્યાસ દરમિયાન ગઢપુર, વડતાલ, સારંગપુર, ધોલેરા, ઋષિકેશ જેવા અનેક તિર્થસ્થાનોની પ્રસાદીની ઈસ્ટિકા, પાષાણખંડ, તીર્થજળ વગેરે તથા ચાંદી-સુવર્ણની ઈષ્ટિકાઓનું પાયામાં સ્થાપન કરવામાં આવ્યું હતું. ખૂબ જ ભવ્ય અને દિવ્યતાથી શિલાન્યાસ વિધિ સંપન્ન થયો હતો.

આ પ્રસંગે આયોજિત સત્સંગ સભામાં પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, આ વિશાળ ભવનનું નિર્માણ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં થશે અને ગુરુદેવની સ્મૃતિ સદૈવ આપણી સાથે જોડાયેલી રહેશે. આજે સ્વામીની ૩૩મી પુણ્યતીથિ છે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ અને સદ્‌વિદ્યા પ્રવર્તનના સંદેશાઓ અહીંથી દસે દિશામાં પ્રસરે તથા જે ભક્તોએ આ ભવન નિર્માણમાં યોગદાન આપ્યું છે એ તમામ ઉપર શ્રીહરિ તથા ગુરુદેવની કૃપાવર્ષા વરસતી રહે એવી પ્રાર્થના કરીએ છીએ.

સાથે સાથે પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કરી યજમાનોને બિરદાવ્યા હતા. ભજન-અનુષ્ઠાન પ્રિય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીએ ઉપસ્થિત સર્વે હરિભક્તોને શુભાશિર્વાદ પાઠવ્યા હતા.

પ્રાર્થના મંદિર : શિલાન્યાસ

મહા સુદ ૧૩, ગુરુવાર તારીખ ૨૫ ફેબ્રુઆરીના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરના પરિસરમાં નૂતન પ્રાર્થના મંદિરનું ખાત મૂહુર્ત કરવામાં આવ્યું. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે વૈદિકવિધિ સાથે શિલારોપણ થયું હતું. આ વિશાળ પ્રાર્થના મંદિરના પાયામાં પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના વરદ હસ્તે પૂજન કરેલી ઈંટોનું સ્થાપન થયું. આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે અનેક પવિત્ર સંતોના વિચરણથી નાઘેર પંથકના ગામડે ગામડે સત્સંગ નવપલ્લવિત થયો છે. આ સત્સંગનું પોષણ આ પ્રાર્થનામંદિરમાં બિરાજમાન રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજની કૃપાથી અને સંતોના પુરુષાર્થથી થશે.

પૂજ્ય સ્વામીજીએ શુભાશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે, 'પાચ હજાર વર્ષ પુરાતનીય તીર્થ દ્રોણેશ્વર ખૂબ પવિત્ર છે. આચાર્ય દ્રોણ તથા પાંડવોએ આ તીર્થમાં સાધના કરી છે અને સ્વહસ્તે મચ્છુન્દ્રી નદીને કિનારે

મહાદેવજીની પ્રાણ પ્રતિષ્ઠા કરી છે. આજે પણ મહાદેવજીના મસ્તક ઉપર અવિરત જળધારા વહી રહી છે. અહીં કષ્ટભંજનદેવ બિરાજી સર્વની રક્ષા કરી રહ્યા છે. આ તીર્થભૂમિમાં આજે નૂતન પ્રાર્થના મંદિરનું ખાતમૂહુર્ત થઈ રહ્યું છે ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સર્વ દેવો અહી બિરાજી આ વિસ્તારની સર્વ પ્રકારે રક્ષા કરશે. આ મંદિર સર્વ કોઈના સમર્પણથી તૈયાર થાય તે માટે આગામી સમયમાં શિલા સમર્પણ વિધિ ગામડે ગામડે યોજાશે.' સાથે સાથે સ્વામીજીએ ભૂમિદાતા તથા પ્રાર્થનાભવન નિર્માણમાં સેવા કરનારા દાતાશ્રીઓને બિરદાવી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ઉના, ફાટસર, ઈંટવાયા, નાના સમઢિયાળા, પાણખાણ, મોલી, અંબાડા, રબારિકા, ખીલાવડ, ગીરગઢડા, જરગલી, દ્રોણ, જુના ઉગલા, નવા ઉગલા, વડવિયાળા, દુધાળા વગેરે ગામોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ગુરુકુલ ગૌરવ

તારીખ ૫ માર્ચના રોજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ઉપ કુલપતિ શ્રી ગોપબંધુ મિશ્રાજીની ઉપસ્થિતિમાં યોજાયેલ ૧૩મા પદવીદાન સમારંભમાં ૭૫૦ જેટલા છાત્રોને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થી સંતો તથા ઋષિકુમારોએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

પૂજ્ય શાસ્ત્રી મુનિવત્સલદાસજી સ્વામીએ ઉપનિષદ્ તથા વચનામૃત આધારિત ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ વિષય પર શોધનિબંધ રજુ કરી પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

ઋષિકુમાર રાવલ અંકિતે વ્યાકરણમાં સિદ્ધાન્ત કૌમુદીની અર્થપ્રકાશ ટીકા વિષય ઉપર શોધનિબંધ રજુ કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

પૂજ્ય શાસ્ત્રી શ્રી નિરંજનદાસજી સ્વામીએ આચાર્ય કક્ષામાં સમસ્ત યુનિવર્સિટી પ્રથમ સ્થાન અને સ્વામિનારાયણ વેદાન્તમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી બે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે.



પૂજ્ય શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીએ (વડતાલ) સ્વામિનારાયણ વેદાંતમાં શાસ્ત્રી કક્ષામાં વેદાંત વિષયમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

ઋષિકુમાર પંડ્યા પ્રતિકે શાસ્ત્રી કક્ષાએ સમસ્ત યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન તેમજ સાહિત્ય શાસ્ત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી બે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે.

શાસ્ત્રી કક્ષાએ ન્યાયશાસ્ત્રમાં ખૂંટ સહજે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવેલ છે.

આચાર્ય કક્ષાએ ન્યાય શાસ્ત્રમાં રાજ્યગુરુ જયદેવે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવેલ છે.

સફળતા મેળવનારા તમામ સંતો તથા ઋષિકુમારોને ઉપકુલપતિ શ્રી ગોપબંધુ મિશ્રાજીના હસ્તે ગોલ્ડ મેડલ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદવીદાન સમારંભમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યજી તથા શ્રી રમેશભાઈ ઓઝાએ તમામ છાત્રોને ઓન લાઈન અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત વડતાલ પીઠાધીપતિ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે સિદ્ધિ પ્રાપ્ત કરનારા સંતોને વડતાલ ખાતે સન્માન કરી શુભાશિર્વાદ પાઠવ્યા હતા. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોએ પણ સંતો-ઋષિકુમારોને ઝળહળતી સફળતા બદલ આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

નાયરોબીના પ.ભ. શ્રી ડો. રામજી દેવશી ઘનજી વેકરીયા 'ઇન્ટરનેશનલ પ્રેસીડેન્ટસ્ લીડરશીપ એવોર્ડ'થી સન્માનિત થયા

મૂળ બળદીયા (કચ્છ) તથા હાલ નાઇરોબી નિવાસી આદરણીય શ્રી રામજી દેવશી ઘનજી વેકરીયાને લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ દ્વારા 'ઈન્ટરનેશનલ પ્રેસીડેન્ટસ્ લીડરશીપ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. રામજીભાઈ લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબ સાથે જોડાઈ અનેક સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રોમાં અનેરું યોગદાન આપી રહ્યા છે.

શ્રી કચ્છ લેવા પટેલ સમાજમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતા રામજીભાઈ આ પ્રકારનું સન્માન મેળવનારા પ્રથમ વ્યક્તિ છે. રામજીભાઈના સન્માનની આ ઘટના સમસ્ત કચ્છ પ્રદેશ, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ તથા સ્વામિનારાયણ સંપ્રદાય માટે ગૌરવરુપ ઘટના છે. લાયન્સ ક્ષેત્રે ભાગ્યેજ વિરલ વ્યક્તિઓને પ્રાપ્ત થતાં આ સન્માન બદલ સમસ્ત SGVP ગુરુકુલ પરિવાર ગૌરવ અનુભવે છે.

રામજીભાઈએ ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી તથા કચ્છના અનેક મહાન સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો છે. રામજીભાઈને પ્રાપ્ત થયેલ આ સન્માન બદલ તેઓશ્રીને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP), અમદાવાદના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ હાર્દિક શુભકામના સાથે શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

'દર્શનમ્' સંસ્કૃત-મહાવિદ્યાલયઃ

સદ્‌વિદ્યા, સત્સંગ અને સંસ્કારયુક્ત સંસ્કૃત અધ્યયન માટેની ઉત્તમ પાઠશાળા

એપ્રિલ, 2020થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વેદ અને શાસ્ત્રાભ્યાસ માટે

નૂતન પ્રવેશ

શિક્ષણ, ભોજન અને આવાસની નિઃશુલ્ક સુવિધાઓ

વેદ (ધો-૬), **પ્રથમા-૧** (ધો-૯) **મધ્યમા-૧** (ધો-૧૧) અને **શાસ્ત્રી-૧** (FYBA)

(પાઠશાલીય અને પારંપરિક અધ્યયન કરનારા વિદ્યાર્થીઓ માટે)

વિશેષતાઓ :

★ વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, વેદાંત, અંગ્રેજી, કોમ્પ્યુટર કોર્સ, C-DAC

★ યજ્ઞ, વેદ મંત્રગાન, સંધ્યાવંદન, યોગ, ધ્યાન, વ્યાયામ, સંગીતની તાલીમ

★ કર્મકાંડ ડિપ્લોમા અને જ્યોતિષ ડિપ્લોમા અભ્યાસક્રમ

★ સ્માર્ટ ક્લાસ દ્વારા પ્રાચીન અને અર્વાચીન વિષયોનું શિક્ષણ

સરકારી માન્યતા :

★ **ધો- ૯ થી ૧૨ :** ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર

★ **શાસ્ત્રી-આચાર્ય :** શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

★ **વેદાભ્યાસ :** શ્રી સાંદિપનિ વેદ વિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન

'દર્શનમ્' સંસ્કૃત સંસ્થાન, SGVP, કેમ્પસ, S.G. હાઇવે, છારોડી, અમદાવાદ-382481, મો- 9879000973

ADMISSIONS OPEN

SGVP અમદાવાદની શાખા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર

પ્રવેશ : શાળામાં ધોરણ ૧ થી ૧૨ (કોમર્સ) કન્યા-કુમાર માટે

છાત્રાલય : ધોરણ ૭ થી ૧૨ (કુમાર માટે)

પ્રવેશ પરિક્ષા : તા. ૦૪ એપ્રિલ તથા ૨૫ એપ્રિલ (સવારે ૯ થી ૧૨)

સંસ્કાર, શિક્ષણ અને સ્પોર્ટસ સાથે જીવન ઘડતરનું અનોખું કેમ્પસ

વિશાળ ઓડીટોરીયમ

અદ્યતન કમ્પ્યૂટર લેબ

વિશાળ રમતગમતનું મેદાન

અદ્યતન લાયબ્રેરી

સ્કૂલ બસ સુવિધા

જ્ઞાન સાથે સંસ્કાર તો ખરા જ

કુમાર તથા કન્યા માટે અલગ વ્યવસ્થા

તા. ગીર ગઢડા, જિ. ગીર સોમનાથ સંપર્ક : ૯૭૧૨૯ ૧૦૦૩૪, ૯૬૨૪૯ ૨૦૮૪૫

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. શ્રી હિરજીભાઈ વીરજીભાઈ રાઘવાણી :- નાઈરોબી નિવાસી પ.ભ. શ્રી હિરજીભાઈ રાઘવાણી અક્ષરવાસી થયા છે. હિરજીભાઈ એટલે હાલતું-ચાલતું સત્સંગનું કેન્દ્ર. આ સમસ્ત ભગત પરિવારની ભગવાન શ્રીહરિ પ્રત્યેની નિષ્ઠા, સદ્‌ગુરુઓમાં હેત અજોડ છે. વર્ષોથી આ પરિવારના તમામ સભ્યો મન-કર્મ-વચને મંદિર, ગુરુકુલ અને સંતો સાથે અત્યંત હેતે કરીને જાડાયો છે. ગુરુકુલના વિકાસકાર્યોમાં આ પરિવારની સેવાઓ અજોડ રહી છે. હિરજીભાઈ ભક્તહૃદયી અને સેવક હતા. એમની સમજણ ખૂબ ઊંચી હતી. ભગવાન શ્રીહરિ હરિજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ભાઈ વિશ્રામભાઈ, સુપુત્ર જયલેશ તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના. કોરોનાને કારણે હિરજીભાઈની શ્રદ્ધાંજલિ સભાનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ હિરજીભાઈને શ્રદ્ધાસુમન અર્પણ કરી પ્રાર્થના કરી હતી.



અ.નિ. પ.ભ. શ્રી ગોવિંદભાઈ માધાભાઈ રીબડિયા :- ગામ બાબાપુર, હાલ સુરત નિવાસી પ.ભ. શ્રી ગોવિંદભાઈ રીબડિયા ૨૪ પેબ્રુઆરીના રોજ ૮૪ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ અને સંતો સાથે જોડાયેલો છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ ગોવિંદભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો કાંતિભાઈ, અરવિંદભાઈ, મનસુખભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી કુરજીભાઈ કેસરાભાઈ હિરાણી :- ઑસ્ટ્રેલિયા નિવાસી તથા સદ્‌ગુરુઓના કૃપાપાત્ર શ્રી કુરજીભાઈ હિરાણી ૨ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. કુરજીભાઈની ગુરુકુલના સેવાકાર્યોમાં ખૂબ સેવા રહી છે. ભગવાન શ્રીહરિ કુરજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જીતેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી રમેશભાઈ ભીમજીભાઈ વેકરિયા :- ગામ બળદિયા નિવાસી પ.ભ. શ્રી રમેશભાઈ ૧૫ માર્ચના રોજ ૬૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોના કૃપાપાત્ર રમેશભાઈ ખૂબ સારા સત્સંગી હતી. આ પરિવાર સત્સંગ તથા સમાજની ખૂબ સેવાઓ કરે છે. ભગવાન શ્રીહરિ રમેશભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ગોદાવરીબેન નાગરભાઈ લાખાણી :- ગુરુકુલના સન્નિષ્ઠ સેવક પરિવારના શ્રીગોદાવરીબેન લાખાણી ૧૭ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારનું સમર્પણ અનોખું છે. ભગવાન શ્રીહરિ ગોદાવરીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા અવસરભાઈ, વિરજીભાઈ, બાબુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનહરબા રવુભા ચુડાસમા :- ગામ ખરડ હાલ અમદાવાદમાં નિવાસ કરતા મનહરબા ચુડાસમા ઠાકોરજીની સેવા-પૂજા કરતા કરતા તારીખ ૧૨ ફેબ્રુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. શ્રીજી મહારાજના કૃપાપાત્ર પરમ ભગવદીય મહેન્દ્રસિંહ રાણાના માતૃશ્રી અને રવુભાબાપુના ધર્મપત્ની મનહરબા આજીવન સત્સંગ, ભજન અને પૂજામાં મગ્ન રહીને સત્સંગ સ્વાધ્યાય કરતા રહ્યા. તેમણે શિક્ષણ જગતમાં સેવારત રહીને 'સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન નંદ સંતોનું અર્વાચીન સાહિત્યમાં પ્રદાન' એ વિષય ઉપર Ph.D. ની ડિગ્રી પ્રાપ્ત કરેલી. ગૃહસ્થાશ્રમમાં પણ આજીવન સાંખ્યયોગી રહીને જીવન વ્યતિત કર્યું, જેના પરિણામે શ્રીજીમહારાજ તેમને સેવા-પૂજા દરમિયાન જ ધામમા તેડી ગયા છે. તેમના પરિવારજનો રવુભાબાપુ, ભાઈ શ્રી સજ્જનસિંહ બાપુ, સુપુત્ર મહેન્દ્ર સિંહ, પૌત્ર સત્યવ્રત વગેરે ગુરુકુલ સાથે જોડાઈને પૂજ્ય સંતોના કૃપાપાત્ર બની રહ્યા છે. ભગવાન શ્રીહરિ મુક્તાત્મા મનહરબાને અખંડ પોતાની સેવામાં રાખે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી ઈશ્વરભાઈ વનરાવનભાઈ બારેવડિયા
પ.ભ. શ્રી વેદાંતસિંહ બલભદ્રસિંહ વાઢેર, અમદાવાદ
અ.નિ. શ્રી રમેશભાઈ ભીમજીભાઈ જસાણી
હ.ગં.સ્વ.ભદ્રાબેન જસાણી, અમદાવાદ
પ.ભ. શ્રી કરશનભાઈ રાઘવાણી, શીસલ્સ
પ.ભ. શ્રી અમૃતલાલ મગનભાઈ પટેલ
હ. અલ્પેશકુમાર તથા હરેશભાઈ, વિનીપેગ-કેનેડા
પ.ભ. શ્રી તુષારભાઈ નવિનભાઈ વ્યાસ, અમેરિકા
પ.ભ. શ્રી અંબાલાલભાઈ હરજીવનભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મેઘજીભાઈ જાદવાભાઈ રાબડીયા, સરલી-ભુજ

આગામી આયોજન

તા. ૦૭/૦૪/૨૧, બુધવાર : **પાપમોચની એકાદશી**
તા. ૨૧/૦૪/૨૧, ગુરુવાર : **રામનવમી મહોત્સવ** : બપોરે ૧૧:૩૦ કલાકે ભગવાન રામચંદ્રજી પ્રાગટ્યોત્સવ
સાંજે ૮:૩૦ કલાકે, ભગવાન શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ
તા. ૨૩/૦૪/૨૧, શુક્રવાર : **કામદા એકાદશી** :
તા. ૨૭/૦૪/૨૧, બુધવાર : **હનુમાન જયંતી** : સવારે ૭ કલાકે મારૂતિયાગ તથા અન્નકૂટ દર્શન, મારૂતિધામ દ્રોણેશ્વર ગુરુકુલ

SGVP®
HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

આધુનિક ન્યુરો સાયન્સ વિભાગ

મગજ, ચેતાતંતુ અને જ્ઞાનતંતુને લગતા તમામ રોગોની સારવાર

ન્યુરોલોજી

- માથાનો દુખાવો • ગીડીનેસ • વાઈ/ખેંચ • ન્યુરોપેથી
- એક્યુટ સ્ટ્રોકમાં થ્રોમ્બોલિસીસ જેવી તમામ એક્યુટ અને ક્રિટિકલ ન્યુરોલોજીકલ ઈમરજન્સીઝની સ્થિતિમાં સંભાળ
- ન્યુરો મસ્ક્યુલર ઈમરજન્સી
- ન્યરો-સોનોલોજીસ્ટ (ટીસીડી અને કેરોટીડ)
- મલ્ટીપલ સ્કલેરોસીસમાં સ્પેશિયલ ઈન્ટરેસ્ટ, પાર્કિન્સન તથા ડીમેન્શિયાનો ઉપચાર
- સ્ટ્રોક પછીની સ્પાસ્ટીસિટી, હેમિફેસિયલ સ્પાઝમ, બેફેરોસ્પાઝમ તથા રાઈટર્સ ક્રેમ્પ માટે બોટુલિનમ ટોક્સિન ટ્રીટમેન્ટ
- સર્વાઈકલ ડિસ્ટોનીઆઝ તથા અન્ય ડિસ્ટોનીઆઝ

ન્યુરો સર્જરી

- એન્ડોવાસ્ક્યુલર ન્યુરો ઈન્ટરવેન્શન શરીરના કોઈપણ ભાગ પર ચિરો મુક્યા વગર જ મગજ અને કરોડરજુના બ્લડ વેસલ્સના રોગોની સારવાર. એ પણ ફક્ત એન્જિયોગ્રાફીના માધ્યમથી કરવામાં આવે છે.
- માઈક્રો ન્યુરોસર્જરી
- એનડોવાસ્ક્યુલર એન્યુરીઝમ કોઈલિંગ
- એવી માલ્ફોર્મેશન એમ્બોલાઈઝેશન
- સ્ટ્રોક ઈન્ટરવેન્શન - મગજની એન્જિયોગ્રાફીના માધ્યમથી સ્ટેન્ટ દ્વારા ક્લોટ દૂર કરવો
- મગજ અને કરોડરજુની ગાંઠ(ટ્યુમર) - બ્રેઈન ટ્યુમર સર્જરી માટે અવેક ક્રેનીઓટોમી
- ટ્રાયજેમીનલ ન્યુરાલ્જીયા સર્જરી - (પેઈન ઓન ફેસ માટે)
  - માઈક્રો વાસ્ક્યુલર ડીકોમ્પ્રેશન દ્વારા કાયમી ઉપચાર
  - રેડિયો ફ્રિક્વન્સી થર્મો કોએગ્યુલેશન (આરએફટીસી)
- કોમ્પ્લેક્સ હેડ ઈન્જરી
- સ્ટીરીઓટેક્ટીક બ્રેઈન સર્જરી
- સીવી સ્ટ્રોક
- એન્ડોસ્કોપિક બ્રેઈન સર્જરી - પીચ્યુટરી ટ્યુમર, નાકમાંથી પાણી નિકળવું (સીએસએફ)
- કેરોટિડ એન્ડરટેર્કટોમી સ્ટેન્ટીંગ

ડો. સાગર બેટાઈ
MD, DM (Neurologist)
Consultant Neurophysician

ડો. પ્રિયાંક શાહ
MD, DM (Neurology)
Consultant Neurophysician

ડો. મંથન પટેલ
M.Ch. (Neurosurgeon)
Consultant Neurosurgeon

વધુ માહિતી માટે સંપર્ક : 95122 00122 63598 55520

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ - ૩૮૨૪૮૧

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિમાં તૈયાર થનાર નૂતન 'શ્રી ધર્મજીવન ભવન'ના શિલાન્યાસ પ્રસંગે શિલાપૂજન કરતા સંતો.
મુખ્ય યજમાનશ્રીઓને આશીર્વાદ પાઠવતા સંતો તથા ઉપસ્થિત ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat